જીઆઈપીએસ ખાતે ફિઝિયોથેરાપી સેમિનાર

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ફિજિયોથેરપી સેમીનારનુ આયોજન કરવામાં આવ્યું. શારદા કોલેજ, પેથાપુર દ્વારા ડૉક્ટર્સ તેમજ વિદ્યાર્થી ગણ શાળાના વિદ્યાર્થીઓને સ્વાસ્થ્યને તંદુરસ્ત રાખવા માટે સંગીત સાથે એરોબિક યોગા કરાવ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓની સાથે સાથે શિક્ષકગણ પણ ભાગ લઈ પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું, ડાયરેકટર સર, આચાર્યાશ્રી,કો-ઓડિનેટર મેડમે પણ સહયોગ આપી વિદ્યાર્થીઓને યોગા માટે પ્રોત્સાહિત કર્યા હતા. સ્વસ્થ શરીર તથા સ્વસ્થ મન માટે અઠવાડિક બે-ત્રણ દિવસ આ યોગા કરવા માટે ડૉકટર્સે સંદેશ પાઠવ્યો હતો.

બી.સી.એ. કૉલેજમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ-બી.સી.એ.,ગાંધીનગર દ્વારા પર્યાવરણ જાગૃતિને કેન્દ્રમાં રાખી વૃક્ષારોપણની અદભૂત કામગીરી કરવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓની સાથે કોલેજ પરિવારનાં સભ્યપ પણ જોડાયા હતા. કોલેજ કેમ્પસમાં જ વિવિધ ફૂલછોડની સાથે સાથે જમીનની ફળદ્રુપતા વધારે તેવા વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. દરેક ક્લાસ દ્વારા વાવવામાં આવેલ છોડ પાસે તેઓને તે વૃક્ષનું જતન કરવાની પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમ વિષે વધુ માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ શાહે જણાવ્યુ હતું કે કોલેજમાં દરેક સેમેસ્ટરનાં વિદ્યાર્થીઓને આ કાર્યક્રમમાં જોડવામાં આવ્યા હતા અને કુલ ૧૬ વર્ગો પૈકી દરેક વર્ગના વિદ્યાર્થીઓને ૩ છોડવાઓનું ૩ વર્ષ માટે જતન કરવાની જવાબદારી આપવામાં આવી છે જેથી કરીને વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યેનો લગાવ જળવાય અને સ્વયંસેવક ક્લાસ તરીકે એ વૃક્ષની તેઓ યોગ્ય રીતે જાળવણી પણ કરી શકે. સાથે સાથે દરેક પ્રાધ્યાપક મિત્રોએ પણ એક એક છોડને દત્તક લઈને તેને પ્રેમથી ઉછેરવાની જવાબદારી પોતાના શિરે લીધેલી છે. આં છોડવાઓ થોડા મોટા થયા પછી દરેક છોડવાને એક ટેગ લગાવવામાં આવશે જેના પર તે છોડનાં જતન માટેની જેમને જવાબદારી આપવામાં આવી છે તેઓના નામ લખવામાં આવશે જેથી તે વૃક્ષોનાં ઉછેરમાં પોતાપણાનો ભાવ જળવાઈ રહે. આમ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ પર્યાવરણ બચાવવામાં પોતાનું યથાયોગ્ય યોગદાન આપ્યું છે જે અભિનંદનને પાત્ર છે.

સમગ્ર કાર્યક્રમનુ આયોજન ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ પ્રો. પ્રિયંકા શાહ, પ્રો.રેબેકા જોબદાસ, પ્રો.યોગેંદ્ર પટેલ, પ્રો. વિજય ઠાકુર અને પ્રો.જૈમિની કુલકર્ણી દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું જેમાં કોલેજના તમામ સ્ટાફ મિત્રોનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

જન્મદિને વધામણી

અરૂણાબેન ગજ્જર
મો. ૯૭૨૬૯ ૭૮૮૦૪

જયંતકુમાર ભટ્ટ

હફસા ફારૂક બ્લોચ
મો. ૯૭૨૫૨ ૦૩૪૩૯



ગર્વ જુગલકુમાર બ્રહ્મભટ્ટ
મો. ૯૯૭૮૮ ૭૩૪૬૩

વૈભવ ભગવાનસિંહ પરમાર
મો. ૯૮૨૪૬ ૮૧૪૦૪

એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા શિક્ષક દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત M B પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ ખાતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી જ્યાં વિદ્યાર્થી તો એક દિવસ માટે પોતાના ગુરુજનોની ભૂમિકા અદા કરી હતી. ધોરણ-૧૨નાં વિદ્યાર્થિની રિયા કશ્યપ નિમાવતે આચાર્ય તરીકેની ભૂમિકા નિભાવી હતી. આ જ દિવસે શાળાના શિક્ષકો પોતે જ પ્રાર્થના કરે છે સમાચાર વાંચીને સુવિચાર વાંચે છે અને વિદ્યાર્થીઓની જેમ જ વર્તે છે. શિક્ષક દિવસે M B પટેલ ઈંગ્લિશ મીડિયમના વિદ્યાર્થીઓ ગુરુજનો બને છે અને ગુરુજનો વિદ્યાર્થીઓ બને છે. આ પ્રસંગે ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણને યાદ કરવામાં આવ્યા હતા તેમજ તેમના કાર્યોને જીવનમાં ઉતારવાની અને પોતાને અને પોતાના દેશને અગ્રીમ પંક્તિ મુકવા માટે વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. એક દિવસના શિક્ષક બનેલા દરેક વિદ્યાર્થીએ પોતાના ગુરુને શુભેચ્છા કાર્ડ આપી આશીર્વાદ મેળવ્યા હતા.

વી એમ પટેલ - એચ વી પટેલ બાલમંદિરમાં શિક્ષકદિન ઉજવાયો

શ્રી વી એમ પટેલ કુમાર અને શ્રીમતી એચ વી પટેલ કન્યા બાલમંદિરમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. નાનકડા વિદ્યાર્થીઓએ શિક્ષકોની ભૂમિકા સુંદર રીતે નિભાવી હતી અને સાથીમિત્રોને એક દિવસ અભ્યાસકાર્ય કરાવ્યું હતું. સંસ્થાનાં સંયોજક કિરણબેન અને સુપરવાઈઝર મીનાક્ષીબેનના માર્ગદર્શન હેઠળ આ ઉપક્રમ સફળતાપૂર્વક ઉજવાયો હતો.

દેવ ઈન્ટરનેશનલ સ્કૂલને વિદ્યાદાન ટ્રસ્ટની સહાય

ગાંધીનગર, તા. ૮

દેવ ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓને વિદ્યાદાન એજ્યુકેશન ટ્રસ્ટ, અડાલજ તરફથી રમતગમતનાં સાધનોની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ પ્રવૃત્તિના કર્તા રમેશભાઈ પટેલ સતત આવી સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા જરૂરિયાતમંદ બાળકોને મદદ અને પ્રોત્સાહન આપી રહ્યા છે. શાળા પરિવાર તરફથી તેમના પ્રતિ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

બીબીએ કૉલેજ દ્વારા શિક્ષકદિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા પૂર્વ રાષ્ટ્રપતિ અને શિક્ષણવિદ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણન ના જન્મદિવસ પર કડી યુનીવર્સીટી દ્વારા યોજાનાર સંયુક્ત શિક્ષક દિવસ ની પૂર્વે કોલેજ ખાતે શિક્ષક દિવસ ની ઉજવણી કરી હતી. વર્ષપર્યંત વિદ્યાર્થીઓ ના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ પ્રવૃતિઓ થાય છે. જેમાં કોલેજ ના ત્રણે વર્ષના કુલ ૧૦૮ વિદ્યાર્થીઓ શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક શિક્ષક,વહીવટી અધિકારી તેમજ આચાર્ય,ઉપાચાર્યની ભૂમિકા ભજવી હતી.

કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ સાહેબ દ્વારા તમામ વિદ્યાર્થીઓને આજનો દિવસ મહત્વ સમજાવ્યું હતું. શિક્ષક ની ભૂમિકા ભજવી ને અનુભવેલ પડકારો ને જીવનપર્યંત યાદ રાખી સમાજ તેમજ શિક્ષક પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા પ્રેરણા આપી હતી.તેમજ વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી. ઉપાચાર્ય ડો.જયેશતન્ના સાહેબ દ્વારા વિદ્યાર્થીઓ ને શિક્ષક ની સમાજ માં ભૂમિકા તેમજ શિક્ષક ફક્ત વ્યવસાયિક રીતે નહિ વિદ્યાર્થી ના શ્રેષ્ઠ નાગરિક થકી સમાજના ઘડવૈયા તરીકે ની ભૂમિકા ભજવે છે, જે બાબતે વિદ્યાર્થીઓ ને સમજાવ્યું હતું. કોલેજ તરફથી ડો.નીરવ જોશી તેમજ પ્રો. શીતલ પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. વિદ્યાર્થી આચાર્ય તરીકે સાનિધ્ય ચૌધરી તેમજ વિદ્યાર્થી ઉપાચાર્ય તરીકે ધરાંગી પટેલ તેમજ હની પટેલ પસંદગી પામ્યા હતા. જેમણે મુખ્યત્વે આજની જવાબદારી વિદ્યાર્થીઓ તરફે સંભાળી હતી. તેમજ આજના શ્રેષ્ઠ પ્રથમ તમજ દ્વિતીય શિક્ષક તરીકે પસંદગી પામેલ વિદ્યાર્થીઓ અનુક્રમે સેમેસ્ટર પ્રમાણે અહી સેમ-૫, હની વ્યાસ, તરુણ જોધવાની, સેમ-૩, પટેલ માધવી,આકાશ સતાસિયા અને સેમ-૧ જાડેજા બ્રિજરાજસિંહ, હેતવી સંઘવી હતા.

સમગ્ર કાર્યક્રમ ડો.નીરવ જોશી, પ્રો.શીતલ પટેલ તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક યોજવામાં આવ્યો હતો.

શ્રી એન કે સોલંકી સ્કૂલ ઑફ કૉમર્સ ગુજરાતી વિષયમાં અવ્વલ

શિક્ષક પ્રિતેશભાઈ

ગાંધીનગર, તા. ૮

ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્ચ-૨૦૧૮માં લેવામાં આવેલી પરીક્ષામાં જે વિદ્યાર્થીઓએ ગુજરાતી વિષયમાં ૮૬થી વધુ માર્ક્સ મેળવેલા હોય તેમને ત્રિદલ સંસ્થા દ્વારા ઈનામ એનાયત કરવા માટેનો એક કાર્યક્રમ શ્રી પી કે ચૌધરી આર્ટ્સ કૉલેજ, સેક્ટર-૭ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો.

આ ઈનામ મેળવવામાં એન કે સ્કૂલ પ્રથમ રહી હતી. ઈનામ મેળવનારા ૧૬ વિદ્યાર્થીઓ પૈકી ૧૪ વિદ્યાર્થીઓ શ્રી એન કે સોલંકી (મોગર) સ્કૂલ ઑફ કૉમર્સ, ગાંધીનગરના હતા. આ પ્રસંગે ગુજરાતી શિક્ષક પ્રિતેશભાઈ પટેલ ઉપરાંત શાળાના સંચાલક આઝાદભાઈ મનસુરીનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

કલાગુર્જરી અને જૈન સોશ્યલ ગ્રૂપના ઉપક્રમે ગાંધીનગર ટાઉનહૉલમાં

‘ખેલ ખેલમાં અગનખેલ’નો સફળ નાટ્યપ્રયોગ

કલાગુર્જરી અને જૈન સોશ્યલ ગ્રુપ ગાંધીનગરના સયુંકત ઉપક્રમે અને ‘અભિનવ’ સુરત દ્વારા પ્રસ્તુત દ્વિઅંકી નાટક ‘ખેલ ખેલમાં અગનખેલ’નું આયોજન પ્રેક્ષકોની વિશાળ હાજરી વચ્ચે ટાઉનહૉલમાં થયું હતું. કોલકત્તા, ચેન્નાઈ, કોઈમ્બતુર વગેરે જગ્યાએ આ નાટકના સફળ પ્રયોગો થકી, લોકપ્રિયતા હાંસલ કર્યા બાદ, અહીંના નાટય રસિયાઓ જે આ નાટકની આતુરતાપૂર્વક રાહ જોતા હતા, એમની પાસે રજુ થયું હતું.

નાટકનો પડદો ખુલે ખુલે ત્યાં તો રિવોલ્વરમાંથી એક પછી એક છુટેલી ત્રણ ગોળીઓનો અવાજ ‘ધાંય.. ધાંય.. ધાંય..‘ સંભળાયો અને પુરો પડદો ખુલતાં ખુલતાં, એક પેન્ટ-કોટ-ટાઈના પહેરવેશથી સજ્જ, શ્રીમંત દેખાતા એક પ્રૌઢ પુરુષનો પ્રવેશ થાય છે, જે પેટ ઉપર હાથ દબાવતાં, લથડીયા ખાતા, દીવાન ખંડના પગથિયાં ઉતરતાં અને ટેકો શોધતા જણાય છે. એક હાથ પેટ ઉપર અને બીજો હાથ સામે ઉભેલ એક યુવક તરફ કરતા કરતા, દીવાન ખંડનાં સોફા ઉપર ઢળી પડે છે. એ નવ યુવાન રોકાતો નથી અને તુરંત દોડી જાય છે. આમ નાટકનો પ્રવેશ ખૂબ જ ધમાકેદાર થાય છે.

નેપથ્યમાં છાપાનાં ફેરિયાની બુમો સંભળાય છે કે ‘જાણીતા ઉદ્યોગપતિ અમર દિવાનનું ખૂન થયું છે, ખૂની પકડાયો નથી‘. ખૂન કોણે કર્યું ? શા માટે કર્યું? આમ સનસનીખેજ રહસ્યની બાંધણીના ઉપાડના દ્રશ્ય સાથે જ પ્રેક્ષકો પોતાની બેઠક સાથે જકડાઈ જાય છે. પોલીસ તપાસના ધમધમાટ સાથે, ફ્લેશ બેકમાં નાટક આગળ વધતું જાય છે. જેનું ખૂન થયેલું છે, તે અમર દિવાન એક અબજોપતિ ઉદ્યોગપતિ હોય છે અને ગલ્ફ દેશોમાં એના કરોડોના બાંધકામના પ્રોજેકટો ચાલતા હોય છે. એમાં એક પુલ બનાવવાનો ૫૦૦ કરોડનો પ્રોજેક્ટ પૂર્ણ થવાના આરે હોય છે, ત્યાં જ એ પુલ તૂટી પડે છે. જેના સમાચાર મોબાઈલ પર સાંભળી એને હાર્ટ એટેક આવે છે.

આ દરમિયાન એમના ખાસ મિત્ર અને બિઝનેસ પાર્ટનર દિપક, નવ યુવાન જય કાપડિયાને નોકરીએ રાખે છે કે જે યુવક જ પહેલા દ્રશ્યમાં ભાગતો નજરે ચડેલ. અમર દિવાનની સારવાર માટે નર્સ તરીકે પ્રિયંકાનું આગમન થાય છે. જે પોતાની ફરજ પ્રત્યે સમર્પિત છે અને નિષ્ઠાપૂર્વકની સેવાથી, આ માથાફરેલ અમર દિવાનને સાજો કરે છે.

અમર દિવાન એની મમ્મીને ખૂબ જ માને છે એનો પડ્યો બોલ ઉપાડે છે, એને ખુશ કરવાનો બધો જ પ્રયત્ન કરે છે. ફક્ત લગ્નની વાતમાં જ એ મમ્મીનું સાંભળતો નથી. આમ ને આમ એ પ્રૌઢ થઈ જાય છે. નાટક આગળ વધતાં, એક સવારે, અમર દિવાન ઉપર એક ફોન આવે છે અને અમર દિવાન લગ્ન માટે રાજી થઈ જાય છે. શરૂઆતની આનાકાની બાદ, માતુશ્રીની ઈચ્છા પાસે શરણાગતિ સ્વીકારી, અમર એનાથી અડધી ઉંમરની નર્સ પ્રિયંકા સાથે લગ્ન કરે છે....

નાટકમાં રહસ્યનાં તાણાંવાણાં ખૂબ જ સુંદર રીતે વણાયેલાં છે. આ નાટકના લેખક પ્રવીણ સોલંકી, વર્ષોથી નાટકો લખતાં આવ્યાં છે, એમાં પણ રહસ્ય નાટકોમાં એમની હથોટી કાબીલેદાદ છે. આ નાટકના રહસ્યને છેવટ સુધી ગોપીત રાખવામાં તેઓ ખૂબ જ સફળ રહે છે, સાથે સાથે સતત હાસ્યનો પ્રવાહ પણ સતત વહેતો રહે છે. તો રોમાંસના રસિયાઓને પણ પૂરો મસાલો મળી રહે છે.

અનેક નાટકોમાં જેમણે અભિનયના ઓજસ પાથરેલ છે એવા સદાબહાર કલાકાર સલીલ ઉપાધ્યાય એમના ઉત્તમ અભિનય થકી, અમર દિવાનના પાત્રમાં, પહેલેથી છેલ્લે સુધી છવાયેલા રહે છે. તો તખ્તાની પીઢ અભિનેત્રી મનિષા શુક્લ, મમ્મીના પાત્રને સુંદર રીતે નિભાવી જાણે છે. જય કાપડિયાના પાત્ર માટે, જેને શ્રેષ્ઠ પુરુષ કલાકારના ઘણા એવોર્ડ મળેલા છે, એવા યજત્ર ભટ્ટ એમના ઉત્કૃષ્ઠ અભિનયથી રંગભૂમિના ઘણા એવોર્ડ મેળવશે, એવી આશા જગાવે છે. વળી રહસ્યના વાતાવરણમાં હાસ્ય નિષ્પન્ન કરવાની કપરી અદાકારી બખૂબી ભજવી બતાવી છે. સાથે સાથે એટલો જ ઉત્તમ અભિનય દ્વિતી ઝવેરીએ પ્રિયંકા ભારદ્વાજના પાત્રમાં, તો દીપકના પાત્રમાં ચિરાગ ત્રિવેદીએ એકદમ સાહજિક અભિનય કરેલ છે. ઈન્સ્પેક્ટરના પાત્રમાં પીનાંક ત્રિવેદીનો અભિનય ખરે જ વખાણવા યોગ્ય છે. વરિષ્ઠ કલાકાર દીપક ઘાસવાલા પોલીસ કોન્સ્ટેબલની નાનકડી ભૂમિકામાં પણ સૌને હસાવી ગયા. તો કાંતિની ભૂમિકા પણ સારી રહી. પાર્શ્વસંગીત, પ્રકાશ સંયોજન નાટકને અનુરૂપ સફળ રહ્યા. તાજેતરના રંગભૂમિ દિવસ પર જેણે સતત ૨૮ કલાકનો મેકઅપ કરી એક રેકોર્ડ બનાવેલ તે અર્ચા સોમૈયાએ પણ બધા કલાકારોને પાત્રાનુસાર સુંદર નિખાર્યા. પ્રવીણ પાઠકજીએ સુંદર દિગ્દર્શનથી નાટકના પ્રવાહને અસ્ખલિત રોચક રીતે વહેતો રાખ્યો છે.

આ કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદના અને નવકાર મહામંત્રથી થઈ. સ્વાગત પ્રવચન જૈન સોશ્યલ ગ્રુપના પ્રમુખશ્રી હિતેશભાઈ કોઠારીએ કર્યું. પ્રાસંગિક પ્રવચન કલાગુર્જરીના પ્રમુખ શ્રી એન પી પટેલે કર્યું. જૈન ગુરુ શ્રી તરુણ સાગરજીની સમાધિ સંપન્ન થયેથી સર્વેએ બે મિનિટ પ્રાર્થનાઅંજલી અર્પિ. આભારવિધિ શ્રી અશોક ત્રિવેદીએ કરી. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી ભાવિન પટેલે કર્યું. ટાઉનહૉલમાં સપરિવાર આવેલા પ્રેક્ષકોએ, નાટકના અંતે, પ્રેક્ષણીય નાટક ખૂબ જ ગમ્યું છે, એની સાહેદી તાળીઓના ગડગડાટ સાથે પુરી.

- અશોક ત્રિવેદી